પરિપત્ર

ક્રમાંકઃમઉમશબ/ ગ/ ૧૦૦૬૯/૯૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૦|૧૦|૦૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(તમામ)
ગુજરાત રાજ્ય

વિષય :– કન્યા શાળાને મિશ્ર શાળામાં ફેરવવા બાબત.
સંદર્ભ :– ૧. બોર્ડની તા.૧૮/૫/૦૫ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૪૦૪/૦૫
૨. બોર્ડની તા.૨૪/૨/૦૫ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૪૫૨/૦૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યમાં નોંધાયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓમાં કન્યાઓની ઘટતી જતી સંખ્યા, સ્થળાંતર વિગેરે બાબતોને ધ્યાનમાં રાખી ઘણી કન્યા શાળાઓ તેમની શાળાઓને મિશ્ર શાળામાં ફેરવવા બોર્ડને દરખાસ્ત કરતા હોય છે. એ બાબતોને ધ્યાનમાં રાખી બોર્ડ દ્વારા રાજ્યમાં ચાલતી આવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓમાં જો કન્યાઓની સંખ્યા ઘટતી જતી હોય તો આવી કન્યા શાળાઓમાં ૪૦ % કુમારોને પ્રવેશની છુટ આપવા સંદર્ભમાં દર્શાવેલ બોર્ડની કારોબારી સમિતિમાં નિર્ણય થયેલ છે. કારોબારી સમિતિનાં ઉક્ત નિર્ણય અન્વયે રાજ્યની નોંધાયેલી માધ્યમિક / ઉ.મા. કન્યા શાળાઓમાં ઉપર દર્શાવેલ કારણોસર વધુમાં વધુ ૪૦% કુમારોને પ્રવેશ આપી શકશે. આ સિવાયની અન્ય શરતો યથાવત રહેશે.

રાજ્યની નોંધાયેલી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓમાં ઉપર મુજબ છુટ આપવા નિર્ણય થયેલ હોઈ, કન્યા શાળામાં કુમારોને પ્રવેશ આપવા માટે અથવા કન્યા શાળાને મિશ્ર શાળામાં ફેરફાર કરવા માટે બોર્ડને દરખાસ્ત કરવાની રહેતી નથી. આમ છતાં આ પ્રકારની કોઈ દરખાસ્ત બોર્ડને મળશે તો તે દફતરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર